### સોશિયલ મીડિયામાં EMI બાકી હોવાના દાવા સાથે વીડિયો વાયરલ, વિવિધ અટકળોએ જોર પકડ્યું

## કારના હપ્તા બાકી હોવાથી ધારાસભ્યની કાર રોકાઈ? વાયરલ વીડિયોથી રાજકીય વર્તુળોમાં ચર્ચા

**વિવિધ અટકળોએ જોર પકડ્યું, દાવાઓ અંગે કોઈ અધિકૃત પુષ્ટિ નહીં; ધારાસભ્ય તરફથી સ્પષ્ટતાની રાહ**






(પ્રતિનિધિ) દાહોદ, તા.22
દાહોદ જિલ્લાના ગરબાડા વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોરને લગતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. વીડિયોને લઈને સોશિયલ મીડિયામાં અનેક પ્રકારના દાવાઓ કરવામાં આવી રહ્યા છે. વાયરલ વીડિયોમાં ધારાસભ્ય મહેન્દ્ર ભાભોરની કાર રસ્તા પર રોકાયેલી જોવા મળે છે. સોશિયલ મીડિયામાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે વાહનના લોનના હપ્તા (EMI) બાકી હોવાના કારણે કારને રોકવામાં આવી હતી. જોકે, આ દાવાની કોઈ અધિકૃત પુષ્ટિ થઈ નથી. વીડિયો વાયરલ થતાં જ પંથકમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા પર વિવિધ પ્રકારની ચર્ચાઓ અને અટકળો ચાલી રહી છે, મહત્વપૂર્ણ છે કે વાયરલ વીડિયો અને તેની સાથે જોડાયેલા દાવાઓની સ્વતંત્ર રીતે કોઈ સત્તાવાર કે અધિકૃત પુષ્ટિ થઈ નથી. તેથી આ દાવાઓને અંતિમ હકીકત તરીકે ગણાવી શકાય નહીં.

### ધારાસભ્ય મહેન્દ્ર ભાભોરનો ખુલાસો: ‘અમારી ગાડીના કોઈ હપ્તા બાકી નથી’

વાયરલ વીડિયોને લઈને ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર સાથે મોબાઇલ ફોન પર સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, “અમારી ગાડીના કોઈ હપ્તા (EMI) બાકી નથી.” ધારાસભ્યના દાવા અનુસર કંપનીના મેનેજરે પણ સમગ્ર ઘટનાને લઈને સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, “સંબંધિત એજન્ટોને અગાઉથી જ છૂટા કરી દેવામાં આવ્યા છે. તેમ છતાં તેમણે ખોટી રીતે પ્રતિષ્ઠિત વ્યક્તિની ફોર વ્હીલર ગાડી રસ્તા પર રોકી હેરાનગતિ કરી હતી.” આ સ્પષ્ટતા બાદ વાયરલ વીડિયોમાં કરવામાં આવી રહેલા દાવાઓ અંગે નવો વળાંક આવ્યો છે. જોકે, સમગ્ર ઘટનાને લઈને સંબંધિત એજન્સી અથવા અન્ય સત્તાવાર પક્ષ તરફથી હજુ સુધી કોઈ જાહેર નિવેદન સામે આવ્યું નથી. ઘટનાની વાસ્તવિક હકીકત અંગે વધુ વિગતો સત્તાવાર તપાસ અથવા સંબંધિત પક્ષોના નિવેદન બાદ જ સ્પષ્ટ થઈ શકશે.

### આપઘાતનુ કારણ હજુ અકબંધ છે

## જેસાવાડામાં આશ્રમના રૂમમાં ફાંસો ખાઈ વિદ્યાર્થીનીએ આપઘાત કર્યો

**પોલીસે** હાલ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે



(પ્રતિનિધિ) દાહોદ, તા.22
દાહોદ જિલ્લાના જેસાવાડા થી એક અત્યંત આઘાતજનક અને દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીંની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV) માં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી એક સગીરાએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી માહિતી મુજબ, જેસાવાડા આશ્રમશાળાની હોસ્ટેલમાં રહીને ધોરણ ૧૦માં ભણતી ૧૫ વર્ષીય વિદ્યાર્થીની શિલ્પાબેન પલાસે ગઈ કાલે સાંજના સમયે અગમ્ય કારણોસર આશ્રમના રૂમમાં પંખા સાથે ઓઢણી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં જ શાળા પ્રશાસન અને સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડડ્યો હતો અને આ અંગે મૃતકના પરિવારજનોને જાણ કરી હતી. ૧૫ વર્ષની માસૂમ વિદ્યાર્થીનીએ કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે હજી જાણી શકાયું નથી. પોલીસે હાલ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. એક આશાસ્પદ વિદ્યાર્થીની ના આવા અંતથી સ્થાનિક વિસ્તારમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે.

### ખેડૂતોની વ્યથા અને વાસ્તવિક પરિસ્થિતિને ગંભીરતાથી ધ્યાને લઈ વિશેષ રાહત પેકેજ જાહેર કરવા જણાવાયું

## ફતેપુરા તાલુકાના ખેડૂત દ્વારા પાક ધિરાણ માફ કરવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત

(પ્રતિનિધિ) સુખસર,તા.22
હવામાનમાં સતત થતાં ફેરફારોના કારણે ખેડૂતો ભારે નુકસાનીનો સામનો કરી રહ્યા છે.ત્યારે ફતેપુરા તાલુકાના એક ખેડૂત દ્વારા મુખ્યમંત્રી સહિત કેન્દ્ર સરકાર તેમજ સ્થાનિક વહીવટી તંત્રો સહીત કૃષિ મંત્રી ભારત સરકાર તથા ગુજરાત સરકારને ગુજરાતના ખેડૂતોના પાક ધિરાણ માફ કરવા તથા વિશેષ રાહત પેકેજ જાહેર કરવા માટે રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ગુજરાત રાજ્યનો ખેડૂત આજે અત્યંત કપરા આર્થિક સંજોગોમાં જીવન પસાર કરી રહ્યો છે. તેમજ અનિયમિત વરસાદ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડા, જીવાતોના અ ઉપદ્ર,પશુઓ દ્વારા પાકને થતા નુકસાન અને હવામાનમાં સતત થતા રહેતા ફેરફારોના કારણે ખેડૂતોને ખેતીમાં ભારે નુકસાન પહોંચી રહ્યું હોવાનું જણાવ્યું છે.તેમજ ખેતી માટે બીજ,ખાતર,જંતુનાશક દવાઓ, ડીઝલ,વીજળી અને મજૂરીના ખર્ચમાં સતત વધારો થયો છે.ત્યારે ખેડૂતોને વધારોનો બોજ માથે આવી રહ્યો છે. ખેડૂતોને તેમના પાકના પૂરતા અને વ્યાજબી ભાવ પણ મળતા નહીં હોવાનું જણાવ્યું છે. પરિણામે ખેડૂતો ઉપર પાક ધિરાણ અને અન્ય દેવાનો બોજ સતત વતી રહ્યો છે.અને ખેડૂત દેવાના ડુંગર તળે દબાઈ રહ્યો છે.જેના લીધે ખેડૂતો દેવાના કારણે માનસિક તણાવ અનુભવી રહ્યા છે. અને કેટલાક કિસ્સાઓમાં ખેડૂતો દ્વારા આત્મહત્યા જેવા દુઃખદ બનાવો પણ બની રહ્યા છે. ખેડૂતને જગતનો તાત અને અન્નદાતાના બિરુદથી નવાજવામાં આવે છે.અને ખેડૂત આર્થિક રીતે મજબૂત રહેશેતો જ રાજ્ય અને દેશની અર્થવ્યવસ્થા મજબૂત બની શકશે.તેથી રાજ્યના તમામ જરૂરિયાત મંદ ખેડૂતોનું પાક ધિરાણ માફ કરવામાં આવે તેમજ ખેડૂતો માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરવા માં આવે તેવી રજૂઆત કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં હોવાનું જાણવા મળે છે.

## લાંબા વિરામ બાદ દાહોદ- સિંગવડ પંથકમાં વરસાદ વરસતા ખુશીની લહેર

(પ્રતિનિધિ) રણધીકપુર,દાહોદ તા.22
છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલી ગરમી અને બાફથી ત્રસ્ત સિંગવડ નગર સહિત આજુબાજુના ગામોમાં આખરે વરસાદે હાજરી આપી. ધીમા-ધીમા વરસાદથી વાતાવરણ ઠંડુગાર થઈ ગયું અને ખેડૂતોના ચહેરા પર ખુશી છવાઈ ગઈ જ્યારે ખેડૂતોના ખેતીને જીવતદાન મળ્યું હોય તેમ લાગે છે જૂન મહિનામાં વાવેતર કર્યા બાદ વરસાદના વિરામને કારણે મકાઈ, તુવેર અને કપાસના પાક સુકાવા લાગ્યા હતા. વરસાદ આવતા જ ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો અને ખેડૂતોએ જણાવ્યું કે, “વરસાદ ન આવતા ચિંતા થતી હતી. હવે વરસાદ આવ્યો એટલે પાકને નવજીવન મળ્યું. હવે ખેતરમાં કામની શરૂઆત થશે.” સિંગવડ નગરમાં વરસાદ પડતા જ બાળકોથી લઈને વડીલો ને ગરમીથી રાહત મળતા લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો જ્યારે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 2-3 દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે. જેનાથી જળાશયોમાં પણ પાણીની આવક વધશે જ્યારે સિંગવડ તાલુકાના મલેકપુર, ચુંદડી, પીપળીયા છાપરવડ હાંડી અગારા માતાના પાલ્લા વડાપીપળા મુનાવાણી અને આજુબાજુના ગામોમાં પણ સારો વરસાદ નોંધાયો છે. ખેતરોમાં પાણી ભરાતા રોપણીની તૈયારીઓ શરૂ થઈ શકે તેમ છે દાહોદ પંથકમાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ દાહોદ પંથકમાં જોરદાર એન્ટ્રી કરી હતી આજુબાજુના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. દાહોદના મુખ્ય બજારમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા.

## કાલોલમાં જમીન વિવાદમાં જૂની અદાવતે ધીંગાણું, સામસામે હુમલો થતાં ૮ ઈસમો વિરુદ્ધ ફરિયાદ

**બંને** જૂથોએ એકબીજા ઉપર જીવલેણ હુમલો કર્યો હતો

(પ્રતિનિધિ) કાલોલ, તા.22
કાલોલના ડેરોલ સ્ટેશન રોડ પર ફાયર બ્રિગેડ ઓફિસ નજીક ધરમપુરીની જમીન બાબતે ચાલી આવતી જૂની અદાવત અને કોર્ટ કેસનું મનદુખ રાખી બે જૂથ વચ્ચે જૂથ અથડામણ અને મારામારીની ઘટના સામે આવી છે. આ મામલે કાલોલ પોલીસે બંને પક્ષની ફરિયાદોના આધારે કુલ ૮ ઈસમો સામે ક્રોસ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રાહુલકુમાર કંચનભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પિતા કંચનભાઈ શાકભાજી વેચી રહ્યા હતા. ત્યારે અશોકભાઈ ભાઈલાલભાઈ પટેલ, નીલકુમાર અરૂણભાઈ પટેલ, રાજેશભાઈ ભાઈલાલભાઈ પટેલ અને શંકરભાઈ ભીખાભાઈ પટેલે જમીન કેસની અદાવતમાં ગાળો આપી”ધરમપુરી ગામે આવેલ જમીન અમારી છે, છતાં તમે અમારી ઉપર કેસ કેમ કરેલ છે?” તેમ કહી બોલાચાલી કરી હતી અને ઉશ્કેરાઈને કંચનભાઈ પર લાકડી વડે હુમલો કરી દીધો હતો. કંચનભાઈ, તેમના પુત્ર તરલ અને ભત્રીજા નિલેશ પર લાકડીઓ વડે જીવલેણ હુમલો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સામે પક્ષે નીલકુમાર અરૂણભાઈ પટેલે નોંધાવેલી ક્રોસ ફરિયાદ મુજબ, તેઓ તથા તેમના મામા અશોકભાઈ બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે કંચનભાઈ અંબાલાલ પટેલ અને તરલ કંચનભાઈ પટેલે બોલાચાલી કરી હતી. ત્યારબાદ ફોન કરીને બોલાવાયેલા નિલેશ રમેશભાઈ પટેલ અને રાહુલ કંચનભાઈ પટેલે આવીને લાકડીઓ વડે હુમલો કરી, ગળું દબાવી તેમજ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટનામાં બંને પક્ષના ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. કાલોલ પોલીસે બંને પક્ષના મળી કુલ ૮ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

### દેવગઢબારીયાના રાજમહેલ સામે ચોકડી પરની ઘટના

## બોલેરોની ટક્કરે ફંગોળાયેલા બાઈક ચાલકનુ ટ્રેલર નીચે કચડાતા મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.22
દેવગઢ બારીયા નગરના રાજમહેલ સામે ચોકડી પર સામેથી આવતી મોટર સાયકલને ટક્કર મારતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ ચાલક મોટર સાયકલ સાથે ફંગોળાઈ ને ટ્રેલરના આગળના વ્હીલ નીચે કચડાઈ જતાં હોય ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે લઈ જતી વેળાએ રસ્તામાં જ તેનું મોત નીપજ્યું હતું. જ્યારે મોટર સાયકલ પર પાછળ બેઠેલ વ્યક્તિ બોલેરો ગાડીના આગળના ભાગે પછડાતા શરીરે ગંભીર ઈજા ઓ થવા પામી હતી. જયારે બોલેરો ગાડીનો ચાલક દેવગઢ બારીયા નગરના રાજમહેલની સામે ચોકડી પર બનેલ દુર્ઘટના પોતાના કબજા ની બોલેરો ગાડી સ્થળ પર મૂકી ફરાર થઈ ગયો હતો. ઘટના ની જાણ થતાં જ દેવગઢ બારીયા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને બંને ઈજાગ્રસ્તોને ૧૦૮ ઈમરજન્સી વાન મારફતે દેવગઢબારિયા બારીયા સરકારી હોસ્પિટલમાં લઈ જતા હોસ્પિટલમાં પહોંચે તે પહેલા જ રસ્તામાં ગંભીર ઈજાગ્રસ્ત કાર્તિકભાઈ અર્જુન ભાઈ પટેલનું મોત નીપજ્યું હતું. જ્યારે હરેશભાઈ સરતનભાઈ પટેલને દેવગઢ બારિયા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. આ સંબંધે ડાંગરિયા ગામના અવંતી ફળિયામાં રહેતા મરણ જનાર કાર્તિકભાઈ પટેલ ના પિતા અર્જુનભાઈ ભીખાભાઈ પટેલે દેવગઢબારિયા પોલીસ સ્ટેશનમાં બોલેરો ગાડીના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વોશિંગ મશીન રીપેર કરતી વેળાએ વીજ કરંટ લાગતા યુવકનુ મોત



(પ્રતિનિધિ) દાહોદ, તા.22
દાહોદના મોટા ઘાંચીવાડામાં રિલાયેબલ ઈલેક્ટ્રોનિક્સ નામની દુકાનમાં સર્જાયેલી દુર્ઘટના. સખત વીજ કરંટ લાગતાં તેનું સ્થળ પર જ કરુણ મોત નીપજ્યું હતું. આ સંબંધે મરણજનાર અંશભાઈ શૈલેષ ભાઈ બારીયાની માતા અંજુબેન શૈલેષભાઈ બારીયાએ દાહોદ ટાઉન બી ડિવિઝન ગઈ કાલે રાતે દાહોદ શહેરના પોલીસ સ્ટેશનમાં લેખિત જાહેરાત આપતા પોલીસે આ મામલે ભારતીય ન્યાય સહીતા ૨૦૨ ૩ ની કલમ ૧૯૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે

## પીપલોદ પાસે હાઈવે પર દોડતી કારમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા કાર બળીને ખાખ



**દેવગઢબારિયા :** દાહોદ જિલ્લાના દેવગઢબારિયા તાલુકાના પીપલોદ ગામ નજીક વણઝારા હોટલ પાસે સર્વિસ રોડ પર હાઇવે ઉપર એક ફોર વ્હીલર કાર (નંબર યત્ન૧૭ઝ્ઞ૨૪૭૫)માં અચાનક શોર્ટ સર્કિટ થતાં આગ ભભૂકી ઊઠી હતી. આગની જાણ થતાં દેવગઢબારિયાથી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે ત્યાં સુધીમાં કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે કારના ડ્રાઇવરે સમયસર બહાર નીકળી જતાં તેનો આબાદ બચાવ થયો હતો. ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

### પોલીસે રૂ. ૧,૦૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

## કાલોલ બસ સ્ટેન્ડ પાછળથી જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.22
પંચમહાલ જિલ્લાના કાલોલ વિસ્તારમાં કાલોલ પોલીસની પેટ્રોલીંગ ટીમે બાતમીના આધારે રેડ પાડીને બસ સ્ટેન્ડ પાછળની ગલીમાં જાહેરમાં આંક-ફરકનો જુગાર રમાડતા એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે તેની પાસેથી રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ કાલોલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ સુરેશકુમાર ગોવિંદભાઈ અને તેમની ટીમને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, કાલોલ બસ સ્ટેન્ડની પાછળ આવેલી ગલીમાં એક ઈસમ સ્ટ્રીટ લાઈટના અજવાળે બેસીને આંક-ફરકનો જુગાર રમી અને રમાડી રહ્યો છે.

બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને સદર જગ્યાએ દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને આંકડા લખાવવા ઉભેલા ઈસમો નાસી છૂટ્યા હતા. પરંતુ, જમીન પર બેસીને આંકડા લખતા શખ્સને પોલીસે કોર્ડન કરીને સ્થળ પર જ ઝડપી લીધો હતો.

ઝડપાયેલા ઈસમની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ રઝાકભાઈ યાકુબભાઈ બેલીમ ઉંમર વર્ષ ૪૯, રહે. માતાવાળું ફળિયું, કાલોલ હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની અંગઝડતી લેતા ડાબા હાથમાંથી કાર્બન પેપર સાથેની સ્લીપબુક, બોલપેન તથા ખિસ્સામાંથી જુગારના વકરાના રોકડા રૂ. ૧,૦૨૦/- મળી આવ્યા.

### હાલોલ સેશન્સ કોર્ટનો ચુકાદો

## કાલોલના ચકચારી જાનલેવા હુમલાના કેસમાં તમામ ૪ આરોપીઓનો નિર્દોષ છુટકારો

(પ્રતિનિધિ) કાલોલ, તા.22
કાલોલના સડક ફળીયા વિસ્તારમાં વર્ષ ૨૦૨૦માં કૌટુંબિક અને પારિવારિક મનદુઃખના કારણે યુવક પર જાનલેવા હુમલો કરવાના ચકચારી કેસમાં હાલોલની પાંચમા એડીશ્નલ સેશન્સ જજશ્રી એસ.એમ.ક્રિષ્ટીની અદાલતે કાલોલ ઘાંચી સમાજના પ્રમુખ સહિત તમામ ૪ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે.કેસની પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદી સલીમ મજીદ મોકરીયા (રહે. કાલોલ) ની પુત્રી આયશાના લગ્ન શોયેબ અબ્દુલ્લા ઘાંચી સાથે થયા હતા. લગ્નજીવનમાં તકરાર ચાલતી હોઈ ભરણપોષણનો કેસ કોર્ટમાં પેન્ડિંગ હતો. તા. ૨૧-૧૧-૨૦૨૦ના રોજ રાત્રિના સમયે ફરિયાદીના સાળા અવેશ યુસુફ મોકરીયા પર જૂની અદાવત રાખીને લોખંડની પાઈપ અને ધારદાર વાંસી (ધારીયા) જેવા જાનલેવા હથિયારો વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો હતો. આ અંગે કાલોલ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ:

1. શોયેબ અબ્દુલ્લા ઉર્ફે રઝાક ઘાંચી
2. અબ્દુલ્લા ઉર્ફે રઝાક યુસુફ ઘાંચી
3. ઈકબાલ અબ્દુલ્લા ઘાંચી
4. સલીમભાઈ અબ્દુલ્લા ઘાંચીસામે

ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ ૩૦૭ (ખૂનની કોશિશ), ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

### સ્થાનિકોમાં પાલિકા તંત્રની ઉદાસીનતા સામે રોષ જોવા મળ્યો

## ૨૦ વર્ષે બનેલા નવા રોડ પર ગેરેજ ધારકોનો કબ્જો, આડેધડ વાહન પાર્કિંગથી સ્થાનિકો પરેશાન જોવા મળ્યા

(પ્રતિનિધિ) હાલોલ, તા.22
હાલોલ શહેરના વડોદરા રોડથી જૈન મંદિર તરફ જતા મુખ્ય માર્ગ પર છેલ્લા કેટલાક સમયથી અસહ્ય વાહન ખડકલા અને દબાણના કારણે રાહદારીઓ તથા વાહનચાલકો ત્રાહિમામ પુકારી ઊઠ્યા છે. સ્થાનિક ગેરેજ સંચાલકો દ્વારા રોડ પર જ વાહનો પાર્ક કરીને રિપેરિંગ કામ કરવામાં આવતું હોવાથી આખો રસ્તો બંધ જેવો થઈ જાય છે, જેના લીધે અકસ્માતનો ભય પણ સતત તોળાતો રહે છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં આશરે 20 વર્ષના લાંબા અંતરાલ બાદ માંડ માંડ નવો પાકો રોડ



બનાવવામાં આવ્યો હતો. રહીશોને આશા હતી કે નવો રોડ બનતા અવરજવરમાં રાહત મળશે. પરંતુ, રોડ બનતાની સાથે જ સ્થાનિક ગેરેજવાળાઓએ રોડ પર જ પોતાના અડ્ડા જમાવી દીધા છે. પોતાના ધંધા-રોજગાર માટે રસ્તા વચ્ચે જ આડેધડ વાહનો મૂકીને રિપેરિંગ કામ હાથ ધરવામાં આવે છે, જેના કારણે કરોડોના ખર્ચે બનેલો રસ્તો વાહનચાલકો માટે માથાનો દુખાવો બની ગયો છે. આ ગંભીર સમસ્યા અંગે સ્થાનિક રહીશો અને વાહનચાલકો દ્વારા નગરપાલિકા તંત્રમાં વારંવાર મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. છતાં પણ પાલિકાના જવાબદાર અધિકારીઓ દ્વારા આ અંગે કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. પાલિકાની આ નિષ્ક્રિયતા અને ઘોર બેદરકારીના કારણે સ્થાનિકોમાં નગરપાલિકા તંત્ર સામે ભારે રોષ અને આક્રોશ જોવા મળી રહ્યો છે પાલિકા તંત્ર વહેલી તકે આ રોડ પરથી ગેરેજના દબાણો દૂર કરાવે અને આડેધડ પાર્ક થતા વાહનો સામે કડક કાર્યવાહી કરે, જેથી રહીશો અને જૈન મંદિરે જતા દર્શનાર્થીઓને સુગમ રસ્તો મળી રહે.

## દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.22
અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ ખાતે વિદ્યાર્થીઓને ભવિષ્યની કારકિર્દી અંગે યોગ્ય દિશા અને માર્ગદર્શન મળે તે હેતુથી “Seminar on Career Counseling | Guidance” નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નિષ્ણાત વક્તા શ્રી પ્રમોદ કાટકર દ્વારા કારકિર્દી આયોજન, ઉચ્ચ શિક્ષણની તકો, સરકારી તથા ખાનગી ક્ષેત્રમાં ઉપલબ્ધ રોજગારની તકો, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી, વ્યક્તિત્વ વિકાસ, સંવાદ કૌશલ્ય, રિઝ્યૂમે તૈયાર કરવાની પદ્ધતિ તથા ઈન્ટરવ્યૂ માટેની તૈયારી જેવા મહત્વપૂર્ણ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને પોતાની રૂચિ અને ક્ષમતા અનુસાર




યોગ્ય કારકિર્દીની પસંદગી કરવા તેમજ સતત કૌશલ્ય વિકાસ માટે પ્રેરિત કર્યા હતા.કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના કારકિર્દી સંબંધિત પ્રશ્નોના નિરાકરણ મેળવ્યા હતા. સેમિનારમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. જી. જે. ખરાડીના માર્ગદર્શન હેઠળ તથા UDISHA પ્લેસમેન્ટ સેલના અધિકારી ડૉ. વિશાલ આર. જૈનના આયોજન અને સંકલનથી સફળતાપૂર્વક યોજાયો હતો.